# ડીસામાં દિન-પ્રતિદિન વણસતી ટ્રાફીકની સમસ્યા : તંત્રના આંખ આડા કાન

ડીસા, તા. ૧૧

ડીસા શહેરમાં એક તરફ દિવસે ને દિવસે વાહનોની સંખ્યા અને વેપાર વાણિજ્ય ની પ્રવૃત્તિ કુદકેને ભુસકે વધી રહી છે. શેહેર દીવસે ને દિવસે વિકાસ તરફ કુચ કરી રહ્યુ છે. પરંતુ પાલીકા કે પોલીસ હજુ સુધી ટ્રાફીકની સમસ્યા થી શહેરવાસીઓ અને રાહદારીઓને મુક્ત કરાવી શકી નથી ઉલટાનું ટ્રાફીક સમસ્યા વધુ ઘેરી બની રહી છે. જાગૃત નગરજનો અને મિડીયા દ્વારા તંત્રને જગાડવાના પ્રયત્ન થઈ રહ્યા છે. પરંતુ પોલીસ કે નગરપાલિકા આ સમસ્યાનો ઉકેલ લાવવામાં સદંતર નિષ્ફળ સાબીત થઈ છે.

ડીસા શહેરના હાર્દ શમા બગીચા વિસ્તારમાં વારંવાર ટ્રાફીક ચક્કાજામ થાય છે. આ રોડ પર આવેલી સ્કુલો, શાકમાર્કેટ તેમજ વેપારીઓના ગોડાઉનને કારણે ટ્રાફીક જામના દ્રશ્ય વારંવાર ભજવાતા રહે છે. પરંતુ માર્ગ વચ્ચો વચ્ચ વડેલા વાહનો સામે કાર્યવાહી કરવાની પોલીસ તંત્ર ને જાણ કે નવરાસ જ નથી આ માર્ગમાં આવેલી બીયારણ કે કરીયાણા સહીતની દુકાનોમાં માલ ઉતારવા તેમજ ભરવા આવતી ટ્રકો તેમજ જીપ અને ડાલાઓ કલાકો સુધી રોડનો કબ્જો લઈને ઉભેલા હોય છે. જેના કારણે સર્જાતા ટ્રાફીક સમસ્યા વચ્ચે રાહદારી કે સાયકલ સવારને પણ નીકળવુ મુશ્કેલ બની જાય છે. આવી સ્થીતી ફુવાંરા સર્કલથી માંડી સોની બજાર સુધીની છે. અહીંતો વેપારીઓએ રીતસર રોડનો કબ્જો લઈ લીધો હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. વેપારીઓ પોતાના વાહનો રોડ ઉપર મુકવાની સાથે માલ ભરેલા કટ્ટા, જાહેરાતના હોર્ડીંગ્સ સહિતની વસ્તુઓનો રોડ પર ખડકલો કરી દે છે. ગાંધીજીની પ્રતિમાથી લેખરાજ ચાર રસ્તા સુધીનો આખો માર્ગ ઠપ્પ થઈ ગયો છે. વેપારીઓના દબાણો ઉપરાંત લારીઓ વાળાનો અડીંગો સાથે સાથે જાહેરાતમાં ફેકાતો કચરો ખાવા આંટા મારતા ગાયોના ટોળા વચ્ચે નિકળવું ભારે મુશ્કેલ બની રહે છે.આવીજ કંઈક સ્થીતી પાલનપુર હાઈવેની છે. બન્ને તરફના સર્વિસ રોડને બાનમાં લઈ બેઠેલા જીપ ડાલા વાળા લક્ષરી વાળા અને ટ્રકો વાળાઓ આખો દીવસ અડીંગો જમાવીને બેઠા હોય છે. શહેર પોલીસ પાસે આખો ટ્રાફીક વિભાગ હોવા છતાં શહેરમાં ટ્રાફીકની સમસ્યા ઘટવાને બદલે દિન પ્રતીદીન વધી રહી છે. શહેરવાસીઓને હવે ટ્રાફીક નિયંત્રણની ટીમ પર વિશ્વાસ રહ્યો નથી કારણકે વારંવાર રજુઆતો કરવા છતાં તેની કોઈ અસર થતી નથી ત્યારે જીલ્લા પોલીસ વડા દ્વારા આ બાબતે કાર્યવાહી કરી શહેરમાં ટ્રાફીક વિભાગમાં ફરજ બજાવતા પોલીસ કર્મીઓની બદલી કરવામાં આવે અથવા તેમને ફરજ પ્રત્યે સભાન કરવામાં આવે તેવી શહેર વાસીઓની માંગણી છે.



## માર્ગ વચ્ચે ઉભા રખાતા તેમના માનીતા વાહનો સામે કાર્યવાહી કરાતી નથી : ટ્રાફીક વિભાગને રોકડીમાં રસ



(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

### ટ્રાફીક સમસ્યા દુર કરવાને બદલે વાહન ચકાસણી....!!!

ડીસા શહેરમાં ટ્રાફીક સમસ્યા હલ કરવા માટે શહેર પોલીસ મથકના તાબા હેઠળ ના ટ્રાફીક કર્મીઓ તેમજ દૈનીક રૂા.૮૦ મહેનતાણામાં નિમાયેલા ટ્રાફીક બ્રિગેડના યુવાનો કામ કરી રહ્યા છે. પરંતુ આ કર્મીઓ ટ્રાફીકને અડચણ રૂપ પડેલા વાહનો વિરૂદ્ધ કાર્યવાહી કરવાને બદલે ચોકડી પર ઉભા રહી ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના વાહનોને અટકાવી લાયસન્સ, આર.સી બુક વીમો સહીતના કાગળો માંગી આ રીતે વાહન ચાલકો પાસેથી રોકડી કરતા હોય છે. માટે આ બાબતે જીલ્લા પોલીસ વડા તાકીદે તપાસ કરાવી યોગ્ય કાર્યવાહી કરાવે તેવો જનમત છે.

# દાંતીવાડાની યુ.જી.વી.સી.એલ. ઓફિસમાં વીજ જોડાણની ફાઈલો દબાવી દેવાતા ખેડૂતો રોષે ભરાયા

## વીજ જોડાણની સમયમર્યાદા વધારવા ખેડૂતોની માંગ

દાંતીવાડા, તા. ૧૧

દાંતીવાડા તાલુકા વિસ્તારમાં ખેડૂતો દ્વારા વર્ષો પહેલા યુ.જી.વી.સી.એલ.માં વિજજોડાણ માટે અરજી કરવામાં આવી હતી. પણ ડાર્કઝોન હોવાથી ખેડૂતોને વિજજોડાણ આપવામાં આવ્યા ન હતા. પણ ડાર્કઝોન હટાવતા જી.ઈ.બી.ના તંત્રએ ખેડૂતોને ૩૦ દિવસમાં બોર બનાવી દેવાની સુચના આપવામાં આવી હતી. સમયમર્યાદામાં બોર ન બનાવી શકનારા ખેડૂતો અત્યારે હાલ જી.ઈ.બી. ઓફિસના ચક્કર કાપે છે. પણ નવા વિજ જોડાણની ફાઈલો તંત્રએ દબાવી દેતા ખેડૂતો નિરાશ થયા છે અને તંત્ર યોગ્ય નિર્ણય લઈ સમયમર્યાદા વધારી આપે તેવી રાહ જોઈ રહ્યા છે.

મળતી માહિતી મુજબ દાંતીવાડા વિસ્તારમાં વર્ષો અગાઉ વિજજોડાણો ખેડૂતોએ માગ્યા હતા. પણ ૧૯૯૧ પછી આ વિસ્તારમાં ડાર્કઝોન લગાવવામાં આવ્યો હતો. પરંતુ થોડા સમય પહેલા તંત્ર દ્વારા ડાર્કઝોન હટાવી દેવાતા ખેડૂતોની વિજજોડાણની માંગણીઓ હતી. અરજીઓમાં કાગળોની નવેસરથી પુરતતા કરવામાં આવ્યા બાદ જે ખેડૂતોને કુવો અથવા બોર ન હોય તેવા ખેડૂતોને યુ.જી.વી.સી.એલ. દ્વારા નોટીસ આપી ૩૦ દિવસમાં બોર બનાવવાની સૂચના આપવામાં આવી હતી. નવા બોર બનાવવાવાળા ખેડૂતોની સંખ્યા વધુ હતી. આથી બજારમાં પણ બોરવેલ બનાવવાવાળીની અછત સર્જાઈ હતી. તેથી ઘણાખરા ખેડૂતોના બોર બની શક્યા નહોતા. જેના બોર બની ગયા તેને વીજ જોડાણ આપી દેવામાં આવ્યું હતું. પણ સમય મર્યાદા પછી બોર બનાવનાર ખેડૂતોને વીજ જોડાણ આપવામાં આવ્યું નથી. આથી બોર બની ગયા પણ વિજજોડાણના ફાંફા ખેડૂતોને થઈ ગયા છે. તો બીજી તરફ જી.ઈ.બી.ના કર્મચારીઓ દ્વારા ફાઈલો પેન્ડીંગ કરી દેવામાં આવી છે. ખેડૂતો વીજ જોડાણ માટે જી.ઈ.બી.ના ચક્કર કાપીને થાકી ગયા છે. કેડૂતોનું કહેવું છે કે અમે વર્ષો વાટ જોઈ જીઈબી તંત્ર દ્વારા વિજજોડાણ આપવા માટે પણ તંત્રને ખેડૂતોની જરાય ચિંતા નથી. તેમજ ખેડૂતોની કદર કરીને સરકારી નિયમમાં બાંધછોડ કરી વિજજોડાણ મળે તેવી મીટ માંડીને ખેડૂતો બેઠા છે.



(તસવીર : મગનજી વણઝારા)

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના અને રાજસ્થાનના રતનપુરને અડીને આવેલ ટોરડા ગામે આવેલા સ્વામિનારાયણ મંદિરમાં ૧૪ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન શ્રી ગોપાલલાલજી હરિકૃષ્ણ મહારાજનો ૬૦મો ષષ્ટિપૂર્તિ મહોત્સવ ઉજવાશે તથા ગોપાલાનંદ સ્વામીની ૨૩૨મી જન્મ જયંતિના ઉપલક્ષમાં વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે. આ અંગે ટોરડા સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી કૃષ્ણ પ્રસાદદાસજીના જણાવ્યા અનુસાર ૬૦ ષષ્ટિપૂર્તિ મહોત્સવ તથા ગોપાલાનંદ સ્વામીની જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે પુ. કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી લાલજી મહારાજ વજેન્દ્રપ્રસાદજીની અધ્યક્ષતામાં ૬૦ કરોડ મંત્ર લેખન, ૬ કરોડ મંત્રની આહુતિ, પંચાહપારાયણ, ૬૦ કુંડી વિષ્ણુયાગ યજ્ઞ, અખંડ ધૂન તથા સમૂહ પૂજાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રકતદાન કેમ્પ યોજાશે જેમાં ૨૩૨ બોટલ રકતદાન પણ કરવામાં આવશે. પાંચ દિવસીય મહોત્સવ દરમિયાન વિવિધ સ્વામિનારાયણ મંદિરમાંથી મહંતસ્વામી તથા ભકતો ઉપસ્થિત રહેશે.

## મહિલા આરોગ્ય અંગેનું ડૉ. અશોક પટેલનું વ્યાખ્યાન

ઈડર, તા. ૧૧

**સરકારી વિજ્ઞાન કોલેજ ઇડરમાં ડો. અશોક પટેલનું ગર્ભાશયને લગતી સમસ્યાઓ ઋતુચક્રની અનિયમિતતા, વી.સી.ઓ. તથા લોહીની ઊણપ દૂર કરવા જરૂરી પોષણ સંબંધી માહિતી આપી હતી.**

**તદ્ ઉપરાંત ઘણા પ્રશ્નોનું સમાધાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ સેવા સમુદાય દ્વારા હેઠળ યોજાયો હતો. કોલેજની વિદ્યાર્થીઓએ ડો. અશોક પટેલના જ્ઞાનનો લાભ લીધો હતો.**

## સિદ્ધપુર-ખેરાલુ માર્ગ પર ટ્રક ઝાડ સાથે અથડાતા ટ્રકચાલકનું કરૂણ મોત

ઊંઝા, તા. ૧૧

સિદ્ધપુર-ખેરાલુ ધોરીમાર્ગ પર કહોડા ગામ-નજીક બપોરના સમયે એક ટ્રક અચાનક રોડથી નીચે ઉતરીને વૃક્ષ સાથે અથડાતાં સર્જાયેલ અકસ્માતમાં ટ્રકચાલકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હોવાનો બનાવ બનેલ છે. આ અકસ્માતમાં અન્ય ત્રણ વ્યક્તિઓને વત્તાઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચી હતી.

ટ્રક નં. જીજે-૩-વી-૭૮૩૮માં ઈંટો ભરીને વડનગર ગયા હતા. જ્યાંથી પરત નાદોંત્રી ઈંટો ભરવા માટે જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં કહોડા પાસે બપોરના સમયે અચાનક તેમણે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. જેથી ટ્રક રોડથી નીચેના ભાગે ઉતરી જઈને વૃક્ષ સાથે જોરદાર અથડાતાં ટ્રકચાલકને શરીરે ગંભીર ઈજાઓ થવાથી ઘટનાસ્થળે જ તેમનું કરૂણ મોત નિપજ્યું હતું.

જયારે અન્ય ત્રણ વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થતાં તેઓને સારવાર અર્થે સિદ્ધપુર જનરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ગંભીર અકસ્માતમાં ટ્રકચાલકનું માથું અને ધડ અલગ થઈ ગયું હતું. આ બનાવ અંગે ઊંઝા પોલીસે અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

## ઊંઝા નજીક મોડી રાત્રે બાઈક રીક્ષા વચ્ચે અકસ્માત : ૪ ઘાયલ

ઊંઝા, તા. ૧૧

ઊંઝા નજીકના ઉનાવા ગામે પળી તરફના રોડ પર મોડી સાંજે બાઈક રીક્ષા અથડાતાં ચાર વ્યકિતઓને ઈજાઓ થઈ હતી.

વિગત એવી છે કે, વિસનગર તાલુકાના કિયાદર ગામના રોહિતભાઈ હેમરાજભાઈ ચૌધરી પોતાની ભત્રીજી સાથે બાઈક પર પ્રતાપગઢ ગયા હતા. જયાંથી પરત ઉનાવા તરફ આવી રહ્યા હતા ત્યારે લક્ષ્મીપુરા નજીક વળાંકમાં રીક્ષા સાથે બાઈક અથડાતાં બાઈક ચાલક અને તેમની ભત્રીજીને ઈજાઓ થઈ હતી. જયારે રીક્ષામાં બેઠેલ બે મુસાફરોને પણ ઈજાઓ થતાં તેઓને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. આ બનાવ અંગે બાઈક ચાલકની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ઓટો રીક્ષાચાલક સામે કાયદેસર ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઈડર કૉલેજમાં કારકિર્દી માર્ગદર્શન વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૧

સરકારી વિજ્ઞાન કૉલેજ ખાતે સપ્તધારા અતર્ગત જ્ઞાનધારા હેઠળ ગ્રેજયુએટ પછીની કારકિર્દી અંગે માર્ગદર્શન પૂરૂં પાડતું સંજય ત્રિવેદી મેનેજર સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાએ આપ્યું હતું. પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરવી. શ્રી કલ્યાણ ચંપાવત ચેરમેન, સ્માર્ટ ટ્રેનિંગ એન્ડ રીસર્ચ સેન્ટર, આપ્યું હતું.

વિદ્યાર્થીઓમાં હકારાત્મક પાસાનો ઉદ્ભવ થયો અનુભવાતો હતો. આચાર્યશ્રી ડી.પી.પટેલ માર્ગદર્શન આયોજન કરેલ હતું કૉ. ઑડિનેટર કુ. ચારૂ શ્રીવાસ્તવ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# હિંમતનગર અને પ્રાંતિજ તાલુકામાં ત્રણ અકસ્માતમાં બે ના મોત

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર અને પ્રાંતિજ તાલુકામાં સોમવારના રોજ ત્રણ અલગ અલગ સર્જાયેલા અકસ્માતમાં બે ના મોત નીપજ્યા હતા, જ્યારે એક મહિલા સહિત બે ઘાયલ થયા હતા. આ અંગે પોલીસ ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ શામળાજી તરફથી આવી રહેલ લગઝરી બસ નંબર જીજે-૧-સીઝેડ-૬૫૯૬ ના ચાલકે બેફામરીતે બસ હંકારી લાવી હિંમતનગર તાલુકાના રાયગઢ ગામના એસ.ટી. બસ સ્ટેન્ડ નજીક સવારે ૭ વાગેના સુમારે રાયગઢના ૫૮ વર્ષીય ભગાભાઈ મકનાભાઈ પટેલ રોડ સાઈડે જઈ રહ્યા હતા ત્યારે લગઝરી બસે ભગાભાઈને ટક્કર મારી નાસી ગયેલ, જ્યારે અકસ્માતમાં ભગાભાઈને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક સારવાર માટે સરકારી દવાખાને લઈ જતા રસ્તામાં મોત નીપજ્યું હતું. આ અંગે ગાંભોઈ પોલીસમથકે જેસિંગભાઈ નારણભાઈ પટેલે લગઝરી ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસ અકસ્માતનો ગુનો નોંધી લગઝરી ચાલકને પકડી પાડ્યો હતો. જ્યારે બીજો અકસ્માત હિંમતનગરથી વિજાપુર માર્ગ પર આવેલા પાણપુર પાટિયા નજીક સવારે ૧૦.૧૫ વાગે બન્યો હતો. જેમાં આરટીઓ ચોકડી તરફથી હિંમતનગર તરફ આવી રહેલ જીપ નંબર જીજે-૯-ઝેડ-૨૫૩૬ના ચાલકે જીપ બેફામરીતે રોંગ સાઈડે ચલાવી લાવીને સામેથી આવતી રિક્ષા નંબર જીજે-૯-ઝેડ-૭૯૧૨ને ટક્કર મારી નાસી ગયેલ જ્યારે રિક્ષાના કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને રિક્ષાચાલક અને મુસાફરી કરી રહેલ હિંમતનગર શહેરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં હનુમાનજી મંદિર પાસેની સોસાયટી રહેતા ૧૮ વર્ષીય બાબુભાઈ જેઠાનંદ સિંધી બંનેને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી અને વધુ ગંભીર બાબુભાઈ જેઠાનંદ સિંધીનું સ્થળ પર મોત નીપજયું હતું. જયારે ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયો હતો. આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે ગોપાલભાઈ નંદકિશોર સોની (સિંધી)એ ફરિયાદ નોંધાવી હતી.



(તસવીર : મગનજી વણઝારા)

જયારે ત્રીજો અકસ્માતનો બનાવ પ્રાંતિજ તાલુકાના દલપુર ગામ સ્ટેન્ડ પર હાઈવે રોડ પર ૨.૪૫ વાગેના સુમારે હિંમતનગર તરફથી અમદાવાદ તરફ જઈ રહેલ ટ્રક કન્ટેનર નંબર એમએચ-૦૪-સીપી-૫૫૪૬ નું અચાનક ચાલુ ટ્રકે ખાલી સાઈડનું ટાયર નીકળી જતા ટ્રક એકાએક રોડ પર ઉભી થઈ ગયેલ દરમિયાન તેની પાછળ આવી રહેલ ટ્રક નંબર જીજે-૯-ટી-૮૦૬૧ ના ચાલકે અચાનક બ્રેક લગાવી હતી ત્યારે તેની પણ પાછળ ઈડરના વલાસણા માર્ગ પર આવેલ ઈન્દ્રનગર સોસાયટી રહેતા મહેન્દ્રસિંહ રાઠોડ સ્વીફ્ટ કાર નંબર-જીજે-૯-એજી-૯૮૧૧ માં અમદાવાદ જવા માટે નીકળેલા જેમની સાથે કારમાં મુકેશભાઈ વધવાની તેમની પત્ની કંચનબેન અને બે બાળકો હતા જે કાર બાઈક ચાલકોને બચાવવા જતા આ ટ્રક પાછળ ઘુસી ગઈ હતી જેમાં કારમાં બેઠેલા કંચનબેનને માથાના ભાગે ઈજાઓ થતા તાત્કાલિક સારવાર માટે હિંમતનગર ખાતે લાવ્યા હતા. તેવું અકસ્માત સ્થળ પર કાર ચાલક મહેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું હતું.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી

રવિવારે શો રૂમ

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...

ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮